RNI NO GUJ/GUJ/2005/23890

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૩    શુક્રવાર, તા.૧૬-૦૧-૨૦૨૬    અંક : ૧૮ વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી : એનડીએ આગળ

## બીએમસી સહિત મહારાષ્ટ્રની ૨૯ પાલિકાની ચૂંટણીનું આજે પરિણામ : એનડીએ ગઠબંધન મહરાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ૬૦થી વધુ બેઠકો પહેલાથી જ બિનહરિફ જીતી ચૂક્યું છે

મુંબઈ

મહારાષ્ટ્રમાં ચાર વર્ષના લાંબા વિલંબ બાદ યોજાયેલી ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામો આજે જાહેર થઈ રહ્યા છે. રાજ્યભરના ૮૯૩ વોર્ડમાં કુલ ૧૫,૯૩૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો આજે થશે. મતોની ગણતરી સવારે ૧૦ વાગ્યે શરૂ થઈ ગઈ છે અને બપોર પછી મુખ્ય પરિણામો આવવાની ધારણા છે.ઉલ્લેખનીય છે કે એનડીએ ગઠબંધન એટલે કે મહાયુતિ મહરાષ્ટ્રની સ્થાનિક એકમની ચૂંટણીમાં ૬૦થી વધુ બેઠકો પહેલાથી જ બિનહરિફ જીતી ચૂક્યું છે. તેમાં સૌથી વધુ બેઠક ૪૩



ભાજપ જીત્યો હતો. જયારે એકનાથ શિંદેની શિવસેનાએ ૧૯ અને એનસીપીએ ૨ બેઠક જીતી હતી. જેને લઈને વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી પંચે પણ આ મામલે તપાસના આદેશ કર્યા હતા. ચૂંટણીઓમાં સૌથી વધુ ચર્ચા બૃહદ મુંબઈ મહાનગરપાલિકાની છે, જે દેશની સૌથી ધનિક નગર નિગમ છે અને તેનું બજેટ ૭૪,૪૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. મ્સ્ઝમાં કુલ ૨૨૭ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જ્યાં બહુમતી માટે ૧૧૪ બેઠકોની જરૂર છે. ગુરુવારે આવેલા એક્ઝિટ પોલમાં મહાયુતિ (ભાજપ + એકનાથ શિંદેની શિવસેના) ગઠબંધનને સ્પષ્ટ બહુમતી મળવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.આ ચૂંટણીમાં મુખ્યત્વે ત્રણ મોટા ગઠબંધન વચ્ચે મુકાબલો જોવા મળ્યો હતો. શિવસેનાના વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પ્રથમવાર સાથે મળીને ચૂંટણી લડ્યા હતા.


૧૫ જાન્યુઆરીએ યોજાયેલા મતદાનમાં મુંબઈમાં સરેરાશ ૪૧-૫૦% મતદાન નોંધાયું હતું. આ ચૂંટણી ૨૦૧૭ પછી પ્રથમ વખત યોજાઈ રહી છે, કારણ કે ૨૦૨૨માં યોજાનારી ચૂંટણી વોર્ડ સીમાંકન અને અન્ય કારણોસર મુલતવી રાખવામાં આવી હતી. મુંબઈ ઉપરાંત પુણે, નાગપુર, નાસિક, થાણે, નવી મુંબઈ, પિંપરી-ચિંચવડ અને કલ્યાણ-ડોમ્બિવલી જેવા મોટા શહેરોના પરિણામો પર પણ સૌની નજર છે.

# કચ્છના રાપરમાં વહેલી સવારે ૨.૫ની તીવ્રતાનો ભૂકંપનો આચકો

## રાપરથી ૧૯ કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું

રાપર

ગુજરાતના કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના નાનામોટા આંચકા આવતા રહે છે. રાપરમાં તો જાણે ભૂકંપના આંચકા સામાન્ય બાબત જ બની ગયા છે જેનાથી લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે. આજે વહેલી સવારે ૫:૪૭ વાગ્યે ફરી એકવાર ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાતા



લોકોમાં ડર ફેલાયો હતો અને લોકોએ ઘરની બહાર દોટ મૂકી હતી. ભૂકંપનું કેન્દ્ર રાપરથી ૧૯ કિ.મી. દૂર હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ કચ્છના રાપરમાં ૨૬ ડિસેમ્બરે બે અને ૨૭ ડિસેમ્બરે બે વખત ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડર ફેલાયો હતો. ત્યારે ૨૬ ડિસેમ્બરે સૈથી વધુ ૪.૬ ની તીવ્રતાના ભૂકંપને કારણે લોકોની વર્ષો પહેલા આવેલા સૌથી ભયાનક ભૂકંપની યાદો તાજા થઈ ગઈ હતી. જ્યારે કચ્છમાં મોટી સંખ્યામાં જાનહાનિ અને નુકસાન થયું હતું.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વેપારીની જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા

## બાંગ્લાદેશની વચગાળાની સરકાર હિન્દુઓની રક્ષા કરવામાં સદંતર નિષ્ફળ

ઢાકા

બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુ સમુદાયને સતત નિશાન બનાવવામાં આવી રહ્યો છે. આ સ્થિતિ હજી પણ યથાવત જોવા મળી રહી છે. હિંદુઓના માત્ર હેરાન જ નહીં પરંતુ હવે જાહેરમાં હિંદુઓની હત્યાઓ પણ થવા લાગી છે. બાંગ્લાદેશના નરસિંગડી જિલ્લામાં ફરી એક હિંદુની હત્યા થઈ છે. કરિયાણાની દુકાનદાર મોની ચક્રવર્તીની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી છે. મોની પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે અજાણ્યા હુમલાખોરોએ તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, જેના કારણે તે ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો.

હિંદુ વેપારી ગંભીર રીતે ઘાયલ થયો હોવાના કારણે સ્થાનિક લોકોએ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યો પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પલાશ પોલીસ સ્ટેશનના અધિકારીએ ઘટનાની પુષ્ટિ કરી હતી. પોલીસની જણાવ્યાં પ્રમાણે હત્યામાં તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પોલીસ હવે આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. પોલીસ માત્ર તપાસ જ કરે છે. તેમાં કોઈ કામગીરી કેમ કરવામાં નથી આવતી? છેલ્લા એક જ મહિનામાં અનેક હિંદુઓની હત્યા થઈ છે.

બાંગ્લાદેશ અત્યારે હિંદુઓ માટે સુરક્ષિત છે કે કેમ કે એક સવાલ બની ગયો છે. સતત હિંદુઓને હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યાં છે અને હવે તો હત્યાની પણ ઘટનાઓ વધી રહી છે. ડિસેમ્બર મહિનાથી હિંદુઓની હત્યા વધી રહી છે. ૧૮ ડિસેમ્બરે દીપુ ચન્દ્ર દાસની હત્યા, ૨૫ ડિસેમ્બરે અમૃત મંડલ નામના યુવકની હત્યા, ૧૧ જાન્યુઆરીએ સમીર દાસ નામના યુવકની હત્યા થઈ હતી. હિંદુ સમુદાયને જાણીજોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જે ત્યાંની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. બાંગ્લાદેશની વચગાળાની સરકાર પણ હિંદુઓની રક્ષા કરવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

# રશિયાનો જાસૂસીના આરોપમાં બ્રિટિશ રાજદ્વારીને તાત્કાલિક દેશ છોડવા આદેશ

## એફએસબી કાઉન્ટર-ઈન્ટેલિજેન્સને યુકેની ગુપ્તચર એજન્સીઓ સાથે રાજદ્વારીને સંબંધો હોવાની માહિતી મળી હતી

મોસ્કો

રશિયાએ એક બ્રિટિશ રાજદ્વારીને જાસૂસી કરવાના આરોપસર દેશમાંથી હાંકી કાઢ્યા હતા. એફએસબી કાઉન્ટર-ઈન્ટેલિજેન્સને યુકેની ગુપ્તચર એજન્સીઓ સાથે તેમના સંબંધો હોવાની માહિતી મળી હતી.

ફેડરલ સિક્યુરિટી સર્વિસના જણાવ્યા અનુસાર મોસ્કોમાં બ્રિટિશ દૂતાવાસમાં સેક્રેટરી ગેરેથ સેમ્યુઅલ ડેવિસ યુકેની ગુપ્તચર એજન્સીઓ માટે કામ કરતા હતા. મોસ્કોમાં યુકેના ચાર્જ ડી'અફેર્સ ડેની ધોળકિયાને ઔપચારિક વિરોધ નોંધાવવા અને શંકાસ્પદ જાસૂસને બે અઠવાડિયાની અંદર રશિયામાંથી હાંકી કાઢવાની માંગ કરવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું હતું.



રશિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે મોસ્કો રશિયન પ્રદેશ પર બ્રિટિશ વિશેષ સેવાઓના અઘોષિત એજન્ટોની પ્રવૃતિઓને સહન નહીં કરે. રશિયન સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના મામલામાં ઝીરો-ટોલરન્સ નીતિ ધરાવતી હોવાનું મંત્રાલયે કહ્યું હતું.

ધોળકિયાને સ્મોલેન્સકાયા સ્ક્વેર ખાતે બોલાવવામાં આવ્યા હતા. જેથી તેમને જણાવી શકાય કે રશિયાના સક્ષમ અધિકારીઓને માહિતી મળી છે કે દૂતાવાસનો એક રાજદ્વારી કર્મચારી બ્રિટિશ ગુપ્તચર એજન્સીઓ સાથે સંકળાયેલો છે.

મંત્રાલયે જણાવ્યું કે આને ધ્યાને લેતાં અને ૧૯૬૧ના વિયેના કન્વેન્શન ઓન ડિપ્લોમેટિક રિલેશન્સની કલમ ૯ અનુસાર આ વ્યક્તિની માન્યતા રદ કરવામાં આવી રહી છે. તેણે બે અઠવાડિયાના સમયગાળામાં રશિયન ફેડરેશન છોડવું પડશે.



આસામ રાજ્યના સરુસાજાઈ સ્ટેડિયમ ખાતે બોડો નવા વર્ષ નિમિત્તે યોજાતા બ્વિસાગુ ઉત્સવના રિહર્સલ દરમિયાન નર્તકો બાગુરુમ્બા નૃત્ય રજૂ કરે છે.

# અમદાવાદમાં વાસી ઉત્તરાયણે દારૂ-ડાન્સ પાર્ટી કરતી ૪ યુવતી સહિત ૧૬ ઝડપાયા

## ગુલબાઈ ટેકરીના પંચવટી વિસ્તારમાં આવેલ ફ્લેટની અગાસીમાં ચાલતી પાર્ટીમાં પોલીસે પાડ્યો દરોડો

અમદાવાદ,

અમદાવાદમાં વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે યુનિવર્સિટીના ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારના એક ફ્લેટના ટેર્રેસમાં દરોડો પાડી પોલીસે ૧૬ યુવક-યુવતીઓને દારૂનો નશો કરેલી હાલતમાં પકડ્યાની વિગતો છે. ઈન્ફ્લુએન્સર તરીકે કાર્યરત કુશલ શાહ નામના વ્યક્તિએ ગેટ-ટુ-ગેધરના નામે ડી.જે. મ્યુઝિક અને ડાન્સ સાથે પાર્ટી યોજી હતી તેની ધમાલથી કોઈએ પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યો હતો.

યુનિવર્સિટી પોલીસે દરોડો પાડયો ત્યારે હાજર ૩૦ લોકોમાંથી ૧૨ યુવક અને ચાર યુવતી નશો કરેલી હાલતમાં હોવાનું જણાતાં મેડિકલ ટેસ્ટની કાર્યવાહી કરાઈ છે. હવે, ઉત્તરાયણના તહેવાર દરમિયાન પોશ વિસ્તારમાં દારૂ અને ડાન્સ પાર્ટી પકડાતાં ફરિયાદ નોંધવા તજવીજ ચાલે છે.ગુલબાઈ ટેકરા, પંચવટી વિસ્તારમાં શ્રી સોસાયટી નજીક સેન્ટેરિયન વિસ્ટા નામના પાંચ માળના વૈભવી એપાર્ટમેન્ટ છે. ઢળતી સાંજે શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને આ એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર દારૂ, હુક્કા સાથે ડી.જે. એન્ડ ડાન્સ પાર્ટી ચાલતી હોવાની ફરિયાદ કરતો ફોન કોઈ નાગરિકે કર્યો હતો. યુનિવર્સિટી પોલીસની ટીમે દરોડો પાડીને ટેરેસ ઉપર ચાલી રહેલી ડાન્સ પાર્ટીમાંથી અંદાજે ત્રીસેક યુવક-યુવતીઓને તપાસ્યાં હતાં.

પ્રાથમિક તપાસ દરમિયાન ૧૨ યુવક, ચાર યુવતી મળી કુલ ૧૬ લોકો નશો કરેલી હોવાની હાલતમાં હોવાનું જણાતાં તમામને મેડિકલ ટેસ્ટ માટે અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાર કલાકની તપાસ બાદ પોલીસે જણાવ્યું હતું કે, પાર્ટીનું આયોજન કુશલ શાહ નામના વ્યક્તિએ કર્યું હતું. સ્થળ ઉપરથી દારૂની નાની-મોટી અને ખાલી-ભરેલી ૨૦ જેટલી બોટલો મળી છે વાસી ઉત્તરાયણની ઢળતી સાંજે પોશ વિસ્તારમાં આવેલા કુલ ૧૦ફ્લેટ છે તેવા એપાર્ટમેન્ટના ટેરેસ ઉપર પકડાયેલી પાર્ટીમાં દારૂની મોંઘી બોટલો, હુક્કા, નાસ્તો અને ખાવાના પાંચ કાઉન્ટર હતાં.

# નોબેલ વિજેતા મારિયા મચાડોએ નોબેલ પુરસ્કાર ટ્રમ્પને ભેટ કર્યો

**નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતથી અમેરીકામાં રાજકીય ગરમાવો**



વોશિંગ્ટન

વેનેઝુએલામાં ચાલી રહેલા ગંભીર રાજકીય સંકટ વચ્ચે, વિપક્ષી નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ મુલાકાત બાદ મચાડોએ દાવો કર્યો કે તેમણે પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ ટ્રમ્પને ભેટમાં આપ્યો હતો. આ ગિફ્ટ ડિપ્લોમસીએ વોશિંગ્ટનથી લઈને કરાકસ સુધી નવી રાજકીય અટકળોને જન્મ આપ્યો છે.

આ બહુચર્ચિત બેઠક વ્હાઈટ હાઉસમાં લંચ પર યોજાઈ હતી, જે આ મહિનાની શરૂઆતમાં અમેરિકાની આગેવાની હેઠળના ઓપરેશનમાં પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ થઈ છે. એક કલાકથી વધુ ચાલેલી ચર્ચા બાદ જયારે મચાડો વ્હાઈટ હાઉસમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમના સમર્થકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે સમર્થકોને કહ્યું, "આપણે પ્રમુખ ટ્રમ્પ પર વિશ્વાસ કરી શકીએ છીએ.નોબેલ પુરસ્કારની ભેટ અને નિયમો જયારે મચાડોને પૂછવામાં આવ્યું કે શું ટ્રમ્પે તેમના દ્વારા આપવામાં આવેલો મેડલ સ્વીકાર્યો છે, તો તેમણે જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો. જોકે, નોબેલ શાંતિ પુરસ્કાર આપતી સંસ્થા પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નિયમો અનુસાર પુરસ્કારને ટ્રાન્સફર કે શેર કરી શકાતો નથી.

બીજી તરફ, મારિયા કોરિના મચાડો વ્હાઈટ હાઉસમાંથી એક ગિફ્ટ બેગ લઈને બહાર નીકળ્યાં, જેના પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લખેલું હતું. આ લાલ રંગની બેગમાં શું હતું તે સ્પષ્ટ થયું નથી.